# જેન કામ જે કરે

— અનત શુક્લ

સાત વરસની સ્વાતિ અને નવ વરસનો નવલ. બેઉ ભાઈ–બહેન. તેમના ઘર–આગણે ખુલ્લુ મેદાન. એકાદ વરસાદ થઈ ગયો હતો. માટીની મીઠી સુવાસ ચારેબાજુ ફેલાતી હતી. સ્વાતિએ નવલને કહ્યુ, ''ભૈયા, આપણે બારમાસીઓ છોડ વાવીશુ ?'' આ સાભળીને નવલ તો ખુશ ખુશ. ''ચાલો ચાલો, માટીની મહેક જતી રહે તો પહેલા વાવી દઈએ.''

બને ઘરના સ્ટોરરૂમમા ગયા. નવલે કુહાડી લીધી. ત્યા તો કુહાડીબહેન બોલ્યા, ''કા, નવલભાઈ શુ કાપવુ છે ?''

નવલ : કાપવુ નથી, ખોદવુ છે.


કુહાડી : તો આ મારી બહેન કોદાળીને લઈ જાઓ.

નવલે કુહાડી મૂકી કોદાળી લીધી. ત્યા તો કોદાળીની નાની દીકરી ખૂરપી બોલી, ''નવલ, માની સાથે મારે પણ આવવુ પડશે. મા તો થોડુક જ ખોદી શકે છે. નાનો ઊંડો ખાડો કરવા મારી જરૂર પડશે.'' નવલે ખૂરપી લીધી ત્યા તો પાવડાભાઈ બોલ્યા, ''સ્વાતિબહેન, માટી ખસેડવા મારી જરૂર પડશે. મને પણ સાથે લઈ લો.'' સ્વાતિએ પાવડો લીધો ત્યા તો ખૂણામા પડેલુ એક નાનકડુ પડીકુ બોલ્યુ, ''સ્વાતિ બહેન, હુ તમને ખૂબ જ કામ આવીશ. મને પણ સાથે લો.'' સ્વાતિએ પડીકુ લઈ લીધુ. સ્વાતિ અને નવલ હવે ઘરના બહારના મેદાનમા આવી ગયા.

નવલે પાવડો ઊંચકી જમીન પર ઘા કર્યો.....

''અરે, અરે, નવલ, આ કામ તો કોદાળીબહેનનુ છે. તે તમને ખાડો કરી આપશે.''

નવલે કોદાળીથી ખાડો તો કર્યો પણ માટી ખાડામા સરકતી હતી. ત્યા હસતા હસતા પાવડો બોલ્યો, ''ભાઈ, હવે મારુ કામ. આ માટીને પકડીને હુ દૂર ફેકીશ.'' નવલે પાવડો લીધો અને માટીને બાજુમા ખસેડી. ત્યા તો ખૂરપીબહેન માટીના ઢગલા પરથી રગડયા. ''સ્વાતિબહેન, મારો તો ઉપયોગ કરો. હુ તમને ઊંડો ખાડો કરી આપીશ.'' અને સ્વાતિએ ખૂરપીથી ઊંડો ખાડો કરી દીધો. ત્યા તો પેલુ પડીકુ ઊછળ્યુ અને ખુલ્લુ થઈ ગયુ. પડીકુ બોલ્યુ, ''સ્વાતિબહેન, હુ ખાતર છુ. મને પહેલા ખાડામા જવા દો અને સ્વાતિએ ખાતર ખાડામા નાખ્યુ.''



બીજી બાજુ બારમાસીનો છોડ પ્લાસ્ટિકની કોથળીમા ઊંચોનીચો થતો હતો. નવલભાઈન તે ધ્યાન ગયુ. કોથળી બોલી, ''નવલ, મને સાચવીને ખેચી લે. જોજે આ છોડને મે જીવની જેમ સાચવ્યો છે. તેના મૂળિયાની આજુબાજુની માટી વેરવિખેર ન થઈ જાય. જો મૂળિયા બહાર નીકળી જશે તો મારી મહેનત પાણીમા !''

નવલે સાચવીને કોથળીમાથી માટીનો પિડો છોડ સાથે કાઢો લીધો.

બારમાસી બોલી, ''હવે કોની રાહ જુએ છે, નવલ ?'' ખાડામા મને મૂકીને હળવે હાથથી ઉપરથી દબાવી દે. નવલ બોલ્યો, ''પછી શુ કરુ ?''

બારમાસી : ''પછી પેલી ખોદી કાઢલી માટીથી આ ખાડો પૂરી દે અને ધીમેથી દબાવી દે. મારે પાણી પીવા જોઈશે એટલે આખો ખાડો પૂરી ન દેતો. થોડોક બાકી રાખજે અને તેમા પાણી ભરી દેજે.''

બારમાસીની સૂચના મુજબ નવલે કર્યું. ત્યા સુધીમા સ્વાતિબહેન કોદાળી, ખૂરપી અને પાવડો જે માટીવાળા થયા હતા તે પાણીથી ધોઈ નાખ્યા. બારમાસીને પાણી પાયુ.

બને જણ બારમાસીના લીલા લીલા પાદડા તરફ જોઈ ખુશ ખુશ થઈ ગયા. પવનની લહેરખીઓથી બારમાસી પણ નાચવા લાગી. ત્યા સ્વાતિને પ્રશ્ન થયો.....

''હે બારમાસી, તને સફેદ ફૂલ આવશે કે પર્પલ રગના ?''બારમાસી બોલી, ''બહેન, સફેદ ફૂલ આવશે. ગમશે ને ?'' કેમ ન ગમે ? અને મારા પપ્પા કહેતા હતા કે તમારો તો દવામા પણ ઉપયોગ થાય છે.'' સ્વાતિએ કહ્યુ.

બાલ મિત્રો,

તમે જાણો છો ? શ્રી માતાજીએ બારમાસીનુ નામ આપ્યુ છે ''પ્રગતિ''.

■